**ખંભાત નગરપાલિકા – ખંભાત**
**ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની**
**કલમ ૪૫ (ડી) તળેનો આદેશ**
**આદેશાત્મક હુકમ નંબર : ૧૬ / તા.૧૨–૦૯–૨૦૨૪**

ઉપરોકત રીર્પોટ વંચાણે લેતા સેનિટેશન વિભાગમાં આવશ્યક સેવાના ભાગરૂપે સફાઇ માટે વપરાતા જુદા જુદા ટ્રેકટરોમાં તેના હુડ (છત્રી) ફાટી ગયેલ છે. હાલની ઉનાળાની ઋતુમાં ગરમીથી બચવા કામદારો સદર હુડ (છત્રી) નાખવાની માંગણી કરતા હોઈ તથા હડતાળ પાડવાની ચીમકી આપેલ હોઈ મેં.પ્રમુખ સાહેબશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ સદર કામગીરીના ભાવો મંગાવેલ. જેમાં કુલ ત્રણ ભાવ પત્રકો આવેલ. જેમાં સ્વામી લાઈનીંગ ખંભાતવાળાના સૌથી ઓછા ભાવ (૧) ખાલી હુડના રૂા.૨,૨૫૦/– અને (૨) નવી રજવાડી ગેલ્વેનાઈઝ ફ્રેમ ફીટીંગ સાથે રૂા.૬,૬૦૦/– પ્રતિ એક ટ્રેકટર દીઠ આવેલ છે. જે પૈકી ૬–ટ્રેકટરને નવા હુડ તથા ૧–ટ્રેકટરને નવી રજવાડી ગેલ્વેનાઈઝ ફ્રેમ ફીટીંગ સાથે નંખાવેલ છે. જેથી આવેલ સદર ભાવથી જરૂરી ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા**

**ખંભાત નગરપાલિકા – ખંભાત**
**ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની**
**કલમ ૪૫ (ડી) તળેનો આદેશ**
**આદેશાત્મક હુકમ નંબર : ૧૭ / તા.૧૨–૦૯–૨૦૨૪**

ઉપરોકત રીર્પોટ વંચાણે લેતા સેનીટેશન વિભાગના હસ્તકના જેટીંગ મશીનની પ્રેશર પાઈપની પાણી સપ્લાયની પાઈપ ફાટી જવાથી બે સાંધા કરેલ છે. તથા હાઈડ્રોલીક પાઈપ ફાટી ગયેલ હોઈ અને હાલની પરિસ્થિતીએ બે –ત્રણ જગ્યાએ પાઈપ નબળી પડી ગયેલ હોય જે કર્મચારીઓ કામ કરે તેઓને જોખમ રહેલ છે. અને હાલ ચોમાસાની સીઝન હોવાથી ગટરોની ફરીયાદો ખુબ જ આવતી હોય તેમજ અકબરપુર મદારનગર વિસ્તારમાં ખુબ જ ગટર ઉભરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોઈ ત્યાંના અંદાજીત ૧૦૦થી વધુ બહેનો/ભાઈઓ આવી વિરોધ કરેલ છે. સત્વરે પ્રેસર પાઈપ ખરીદવાની થતી હોય ટેલીફોનીક ભાવો મંગાવતા ત્રણ ભાવો આવેલ છે. જેમાં સૌથી ઓછા ભાવ શ્રી ભોલે ઓટો પાર્ટસ, તારાપુરના ભાવ રૂા.૭૦૦૦/– આવેલ હોય સદર પ્રેશર પાઈપની પાણી સપ્લાયની પાઈપ તાકીદના ધોરણે ખરીદ કરવા તથા તેનો ખર્ચ નગરપાલિકાના જનરલ ફંડમાંથી કરવા ચીફ ઓફીસરશ્રીને મંજુરી આપવામાં આવે છે. તથા તે માટે તેઓને અધિકૃત કરવામાં આવે છે.

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા**

# ખંભાત નગરપાલીકા,ખંભાત
# ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
# કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.
## તારીખ.૧૩–૦૯–૨૦૨૪

## હુકમ.૧૮

**આગળનો ફાયરવિભાગ કર્મચારી રીપોર્ટ વંચાણે લેતા આજરોજ તારીખ.૦૮–૦૭–૨૪ના રોજ સવારે.૧૦–૧૫ કલાકે આણંદ ફાયર ઓફીસ માંથી તથા તારાપુર પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીનો ઉંટવાડામાં હરીજનવાસમાં ઘરમાં આગ લાગેલ છે જે ફાયરવિભાગમાંથી સ્ટાફ લઈ તરતજ હમો નીકળી ગયેલ હતો. તેમનું ઘર અંદાજીત ૧૭૫ ફુંટ દૂર હોવાથી સદર મીની ફાઈટર તેમના ઘર સુધી જાય તેમ ન હોય તથા પાણી પાઈપ પણ જાય તેમ ન હોય જે ડ્રાઈવરે .તફ પંપ પાડતા તેમાં અવાજ આવતા તૂટી ગયેલ જે માલુમ પડેલ છે.તથા પંપમાં પાછળ ઓઈલ પાઈપ તથા પાણીની લીલી પ્રેસર પાઈપ ફાટી ગયેલ છે સદર કામગીરી તાકીદે રીપેરીંગ કરાવવા ડ્રાઈવર કર્મચારી બરકતભાઈ સૈયદે લેખિતમા રીપોર્ટ આપેલ છે.**

જે ફાયરવિભાગમાં મીની ફાઈટર રીપેરીંગની કામગીરી એમ.જે. ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળી એજન્સી જોડે રીપેરીંગ કામ કરાવવામાં આવે છે જે સદર એજન્સીને તાત્કાલીક મીની ફાઈટર રીપેરીંગ કરવા માટે બોલાવવા તથા તેમનો જે રીપેરીંગ કરવા તારીખ.૦૯–૦૭–૨૪ના રોજ ૩(ત્રણ)એજન્સીઓના ભાવ આવેલ છે.જે આવેલ ભાવપત્રકો તારીખ.૧૦–૦૭–૨૦૨૪ના રોજ સાંજે ૩–૩૦કલાકે અધિકારીશ્રી તથા પદાઅધિકારીશ્રી ની રૂબરૂમાં ખોલવામાં આવેલ છે.જે ૩ એજન્સીઓના ભાવપ્રત્રકો આવેલ તે ભાવોનું સરખામણીપત્રક બનાવી તારીખ.૧૧–૦૭–૨૦૨૪ના રોજ ઓડીટ કરી જે નીચે જણાવેલ મીનીફાઈટરના ભાવ પ્રત્રકો આવેલ છે.

| અં.નં. | વિગત | એમ.જે.ફાયર | ગણેશ | ક્રિષ્ના ઈન્ડટ્રીયલ |
|---|---|---|---|---|
| (૧) | પંપ સર્વિસ | 22500.00 | 35450.00 | 36000.00 |
| (૨) | PTO સર્વિસ | 25500.00 | 32500.00 | 42500.00 |
| (૩) | જોઈન્ટ થ્રુ કરવાનાં | 5500.00 | 8000.00 | 9500.00 |
| | | 53500.00 | 75950.00 | 88000.00 |

ઉપરોકત અ.નં.૧ થી ૩માં જણાવેલ એજન્સીઓએ ફાયરવિભાગમાં મીની ફાઈટરમાં .તફ પંપ પડી ગયેલ તથા ઓઈલ પાઈપ ફાટી ગયેલ તથા પાણીની પ્રેસર પાઈપ ફાટી ગયેલ તે રીપેરીંગ કરવાનાં બંધ કવરમાં ભાવો મંગાવેલ જે આવેલ ભાવોનું સરખામણી પંત્રક બનાવી ઓડીટ કરાવી તેમાં જોતાં અં.નં.(૧)એમ.જે.ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળી એજન્સીના ભાવ રીપેરીંગ કરવાનાં ઓછા આવેલ છે. તથા ઉપર જણાવેલ કામનુ એસ્ટીમેન્ટ આપેલ છે તથા તે સિવાય અલગ કામ નીકળશે તો તેનો એકસ્ટ્રા ચાર્જ ગણવામાં આવશે તથા તેમાં જી.એસ.ટી.એકસ્ટ્રા ગણવામાં આવશે. અં.નં.(૧)એમ.જે.ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળા પાસે મીની ફાઈટરમાં પંપ સર્વિસ તથા .તફ પંપ સર્વિસ તથા જોઈન્ટ થું કરવાના આવેલ ભાવથી ૫૩૫૦૦/રૂ.તથા ૧૮% જી.એસ.ટી.ના ૯૬૩૦/રૂ. કુલ ૬૩૧૩૦/રૂ.કિમંતેથી સુ.જા.નંબર.૭૮૫/તારીખ.૧૨–૦૭–૨૪થી રીપેરીંગ કરાવેલ જે મંજુર કરવામાં આવે છે.તથા તે કરેલ કામગીરીનાં તેમને રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા**

# ખંભાત નગરપાલીકા,ખંભાત
# ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
# કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.
## તારીખ.૧૩–૦૯–૨૦૨૪

### હુકમ.૧૯

આગળનો ફાયરવિભાગ કર્મચારી રીપોર્ટ વંચાણે લેતા તારીખ.૦૮–૦૭–૨૪ના રોજ સવારે.૧૦–૧૫ કલાકે આણંદ ફાયર ઓફીસમાંથી તથા તારાપુર પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીનો ઉટવાડામાં હરીજનવાસમાં ધરમાં આગ લાગેલ છે જે ફાયરવિભાગમાંથી સ્ટાફ લઈ તરતજ હમો નીકળી ગયેલ હતા તેમનું ધર અંદાજીત ૧૭૫ ફુંટ દૂર હોવાથી સદર મીની ફાઈટર તેમના ધર સુધી જાય તેમ ન હોય તથા પાણી પાઈપ પણ જાય તેમ ન હોય જે ડ્રાઈવરે .તફ પંપ પાડતા તેમાં અવાજ આવતા તૂટી ગયેલ જે માલુમ પડેલ છે.તથા પંપમાં પાછળ ઓઈલ પાઈપ તથા પાણીની લીલી પ્રેસર પાઈપ ફાટી ગયેલ છેસદર કામગીરી તાકીદે રીપેરીંગ કરાવવા ડ્રાઈવર કર્મચારી બરકતભાઈ સૈયદે લેખિતમા રીપોર્ટ આપેલ છે.

જે ફાયરવિભાગમાં મીની ફાઈટર રીપેરીંગની કામગીરી એમ.જે. ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળી એજન્સી જોડે પંપ સર્વિસ તથા PTO સર્વિસ તથા જોઈન્ટ શ્રુ કરવાનાં આવેલ એસ્ટીમેન્ટથી સર્વિસ કરવા સુ.જા.નંબર.૭૮૫/તારીખ.૧૨–૦૭–૨૪થી આપેલ જે મીની ફાઈટરમાં પંપ તથા PTO ખોલતા તે નીચે જણાવેલ એજન્સીએ માલ સામાન નાખવાનું કોટેશન નંબર.૧૦૭૩/તારીખ.૨૨–૦૭–૨૪માં જણાવેલ છે.

| અં.નં. | માલ સામાન | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | ઓઈલ સીલ ૪૦–૫૨–૭ પંપ માટે | ૧૭૮૫–૦૦ | ૩ નંગ | ૫૩૫૫–૦૦ |
| (૨) | ઓઈલ સીલ ૪૦–૫૫–૭ પંપ માટે | ૧૯૫૮–૦૦ | ૧ નંગ | ૧૯૫૮–૦૦ |
| (૩) | મોટી ઓ રીંગ પંપ માટે | ૧૨૮–૦૦ | ૪ નંગ | ૫૧૨–૦૦ |
| (૪) | ૩ સાઈઝ ઓ રીંગ પંપ માટે | ૫૨૮–૦૦ | ૩ નંગ | ૧૫૮૪–૦૦ |
| (૫) | નાની ઓ રીંગ પંપ માટે | ૭૯–૦૦ | ૩ નંગ | ૨૩૭–૦૦ |
| (૬) | પીસ્ટન સેલ પંપ માટે | ૫૯૮–૦૦ | ૩ નંગ | ૧૭૯૪–૦૦ |
| (૭) | પીસ્ટન સેલ અંદર પંપ માટે | ૫૫૨–૦૦ | ૩ નંગ | ૧૬૫૬–૦૦ |
| (૮) | પ્લન્જર ઓ રીંગ પંપ માટે | ૧૧૯–૦૦ | ૬ નંગ | ૭૧૪–૦૦ |
| (૯) | સિરામીક સ્લીવ પંપ માટે | ૭૫૦૦–૦૦ | ૩ નંગ | ૨૨૫૦૦–૦૦ |
| (૧૦) | બેરીંગ PTO માટે | ૬૫૪૮–૦૦ | ૨ નંગ | ૧૩૦૯૬–૦૦ |
| (૧૧) | ઓઈલ સીલ PTO માટે | ૧૯૪૮–૦૦ | ૩ નંગ | ૫૮૪૪–૦૦ |
| (૧૨) | ગાસકેટ PTO માટે | ૫૮–૦૦ | ૧ નંગ | ૫૮–૦૦ |
| (૧૩) | વ્હીલ સર્વિસ તમામ સામગી સાથે | ૯૭૫૦–૦૦ | જોબ | ૯૭૫૦–૦૦ |
| (૧૪) | એન્જીન ઓઈલ | ૩૫૦–૦૦ | ૨૦ લીટર | ૭૦૦૦–૦૦ |
| (૧૫) | ડીફરેન્ચર ઓઈલ | ૩૬૫–૦૦ | ૬ લીટર | ૨૧૯૦–૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૬) | ગિયર ઓઈલ | ૩૬૫–૦૦ | ૬ લીટર | ૨૧૯૦–૦૦ |
| (૧૭) | ઓઈલ ફીલ્ટર | ૧૨૫૯–૦૦ | ૧સેટ | ૧૨૫૯–૦૦ |
| (૧૮) | ડીઝલ ફીલ્ટર | ૧૯૮૫–૦૦ | ૧સેટ | ૧૯૮૫–૦૦ |
| (૧૯) | બમ્પર અને લેફટ સાઈડ બોડી વર્ક | ૭૫૦૦–૦૦ | જોબ | ૭૫૦૦–૦૦ |
| (૨૦) | કેબીન માઉન્ટિંગ | ૬૨૦૦–૦૦ | ૧સેટ | ૬૨૦૦–૦૦ |
| | | | | ૯૩૩૮૨–૦૦ |

ઉપરોકત અ.નં.૧ થી ૨૦માં જણાવેલ માલ સામાન મીની ફાઈટરમાં કુલ ૯૩૩૮૨/રૂ.નો નાખવાની જરૂરત છે જે એજન્સીએ કોટેશન નંબર.૧૦૭૩/તારીખ. ૨૨–૦૭–૨૪માં ૯૩૩૮૨/રૂ.નો માલ સામાન નાખવા એમ.જે.ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળી એજન્સીએ કોટેશન આપેલ છે.તથા તેમાં જી.એસ.ટી.એકસ્ટ્રા ગણવામાં આવશે.જે સદર ફાયરવિભાગની મીની ફાઈટર એમ.જે.ફાયર શેફટી સર્વિસ–અમદાવાદવાળાએ માલ સામાન ૯૩૩૮૨/રૂ. તથા ૧૮%જી.એસ.ટી.નાં ૧૬૮૦૮.૭૬/રૂ.કુલ ૧,૧૦,૧૯૦.૭૬/ રૂ.કિમંતેથી આપેલ એસ્ટીમેન્ટથી સુ.જા.નંબર.૯૪૮/તારીખ.૨૪–૦૭–૨૪થી રીપેરીંગ કરાવેલ જે મંજુર કરવામાં આવે છે તથા તે કરેલ કામગીરીમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

# ખંભાત નગરપાલીકા,ખંભાત
# ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
# કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.

**તારીખ.૧૩–૦૯–૨૦૨૪**

**હુકમ.૨૦**

ફાયરવિભાગમાં મોટો બ્રાઉઝર ગાડી નંબર.GJ-23-V-5224 નગરા ગ્રામ પંચાયતનાં જા.નં.૮/તારીખ.૩૧–૦૮–૨૪ના આવેલ પરીપ્રત્રમાં તારીખ. ૦૨–૦૯–૨૪ને સોમવારના રોજ નગરા ગામે કોટેશ્વર મહાદેવનો મેળો રાખેલ તેમાં અગ્નિ શામક સાધન માગેલ જે તારીખ.૩૧–૦૮–૨૪ના રોજ રીપોર્ટ કરેલ સદર સાધનમાં કલચ બેસી ગયેલ હોવાથી સાધન મોકલી શકાય તેમ નથી પણ સદર સાધન મોકલવુ પડતું હોય જે સદર સાધન ફાયરવિભાગના કર્મચારી બરકતભાઈ તથા અંકિતભાઈ રબારીને તારીખ.૦૨–૦૯–૨૪ના રોજ બપોરે.૧૨–૧૦કલાકે લઈ જતા ત્રણ દરવાજાની અંદર બંધ થઈ ગયેલ જે .તફ પંપ પડી ગયેલ તથા ગાડી ન્યુટ્રલ થઈ ગયેલ છે જે ગાડી ચાલુ કરવા કર્મચારીએ રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટના અનુંસંધાને કર્મચારી અંકિતભાઈ રબારીએ ફોરમેન સલીમભાઈ મલેકને રીપેરીંગ કરવા બોલાવેલ તેમને બ્રાઉઝર ચાલુ કરવાનાં ૧૮૦૦/રૂ.મજુરીથી રીપેરીંગ કામ કરેલ જે મંજુર કરવામાં આવે છે. તથા તેમની મજુરીના રોકડ ચુકવેલ છે જે રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

# ખંભાત નગરપાલીકા,ખંભાત
# ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
# કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.

**તારીખ.૧૩–૦૯–૨૦૨૪**

**હુકમ.૨૧**

તારીખ.૨૫–૦૮–૨૪ને રવિવારના રોજ સાંજે ૭–૩૦ કલાકે કલેકટર સાહેબે વિડીયો લીધેલ ને તેમાં કન્ટ્રોલ રૂમમાં નાઈટમાં તમામ વિભાગના કર્મચારીઓએ હાજર રહેવા આપશ્રી સાહેબેના આદેશ અનુંસાર હાજર રહેલ હતા જે કર્મચારીઓને નાઈટમાં રાખેલ તેમના માટે ગાદલાની વ્યવસ્થા કરેલ જે તારીખ.૨૬–૦૮–૨૪ થી ૨૮–૦૮–૨૪ સુધી કુલ ૩ દિવસ ૨૦નંગ ગાદલા મહાકાળી સપ્લાયર્સ પાસેથી ૩ દિવસ ૨૦ નંગ ગાદલાના ૭૦૦/રૂ.ભાડેથી મંગાવેલ જે મંજુર કરવામાં આવે છે તથા તે ભાડેથી મંગાવેલ ગાદલાનાં ભાડામાં ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

# ખંભાત નગરપાલીકા,ખંભાત
# ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
# કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.

**તારીખ૧૩–૦૯–૨૦૨૪**

**હુકમ.૨૨**

આથી હુકમ કરવામાં આવે છે કે આ વર્ષે ગણેશવિસર્જન તારીખ.૧૭–૦૯–૨૪ને તારીખ.૧૭–૦૯–૨૪ને મંગળવારના રોજ આવતુ હોવાથી હેડૅકલાર્કશ્રીએ આજરોજ ગવારા ટાવરે ધર્મશાળા પાસે ટ્રેકટરની ટ્રોલી પર મંડપ તથા જનરેટર તથા ૨ ભૂગળા સાથે લાઉન્ડ સ્પીકર બંધાવવાનું જણાવેલ છે. જે દર વર્ષે કામગીરી કરવામાં આવે તે હિસાબે આ વર્ષે કામગીરી કરવા માટે મને કાર્યાલય આદેશ સુ.જા.નંબર.૧૨૯૦/ તારીખ.૧૬–૦૯–૨૩થી સદર કામગીરી કરવા જણાવેલ જે આ ગતવર્ષે સદર કામગીરી કરવા મેધના લાઈટ ડેકોરેશન વાળાએ ગવારા ટાવરે ધર્મશાળા પાસે ટ્રેકટરની ટ્રોલી પર મંડપ તથા જનરેટર તથા ૨ ભૂગળા સાથે લાઉન્ડ સ્પીકર બાંધવાનાં ૧૫૦૦૦/રૂ.ભાવથી તથા દરીયાકિનારે શેડમાં દર વર્ષે ૪નંગ ભૂગળા,૨નંગ પેટી સાથે લાઉન્ડસ્પીકર સેટ તથા કૂત્રિમ તળાવ પાસે ૧ નંગ ભૂગળુ સાઉન્ડસ્પીકર સેટ ૧૦૦૦૦/રૂ.ભાવથી આપેલ એસ્ટીમેન્ટથી સુ.જા.નંબર.૧૨૯૦/તારીખ.૧૬–૦૯–૨૩થી સદર કામગીરી ગત વર્ષે કરાવેલ હતી.

જે ગતવર્ષે ગણેશવિસર્જનની કરેલ કામગીરી આ વર્ષૃે કરવા તેજ કામગીરી કરવા કાર્યાલય આદેશ સુ.જા.નંબર.૧૧૮૩/તારીખ.૧૨–૦૯–૨૪થી જણાવેલ જે ગત વર્ષે મેધના લાઈટ ડેકોરેશનવાળા પાસે ગણેશવિસર્જનની કામગીરી કરાવેલ તે ગત વર્ષના ભાવથી સદર કામગીરી કરવા મંજુર કરવામાં આવે છે.તથા તેનાં રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

## ખંભાત નગરપાલીકા,ખંભાત
## ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
## કલમ ૪૫ (ડી) તળેનો હુકમ.
### તારીખ.૦૧–૧૦–૨૦૨૪

હુકમ.૨૩

આગળનો ફાયરવિભાગ કર્મચારી રીપોર્ટ વંચાણે લેતા ખંભાતનાં નગરજનોને જણાવવાનુંકે તારીખ.૦૧–૦૪–૧૯થી ખંભાત શહેરનાં સ્મશાન સ્મશાનગૃહનું સંપૂર્ણ સંચાલન ખંભાત નગરપાલીકાએ પોતાનાં હસ્તક જનરલ બોર્ડ ઠરાવ નંબર.૪૧/તારીખ.૩૧–૦૧–૨૦થી લીધેલ છે.

એ સાથે ખંભાતનાં સ્મશાનગૃહને અધતન અને સુવિધા યુકત કામગીરી શરૂ કરવામાં આવનાર હોવાથી તેમાં ખંભાત નગરપાલીકા હદ વિસ્તારમાં ૧મરણ થાય તેમની પાછળ મણોત્તર સામગ્રી નગરજનોને અગ્નિદાહ માટે ૧૦ મણ જલાઉ લાકડા તથા શ્રીફળ ૧નંગ, ખાંડ ૫૦૦ગ્રામ,વનસ્પતિ ઘી ૧ કિલોગ્રામ,ખાપણ ૧ નંગ,છાણા ૧૦નંગ,કાથી ૨ ગુંચળી, માટીની હાંડલી ૧ નંગ,સુખડના લાકડાનો ટુકડો (નાની સાઈઝ ૧નંગ),તલ ૫૦૦ગ્રામ મણોત્તરની સામગ્રી વિના મૂલ્યે આપવાની હોવાથી તે સામાન ખરીદી કરવા સન્.૨૦૨૩–૨૦૨૪વર્ષમા એકઝી.કમીટી ઠરાવ નંબર.૦૩૦/તારીખ.૧૧–૦૪–૨૦૨૩થી સ્મશાનગુહ માં આપવામાં આવતા જલાઉ લાકડાનાં મંજુર થયેલ ભાવથી ખરીદી કરવામાં આવે છે. તથા એકઝી.કમીટી ઠરાવ નંબર.૦૩૧/તારીખ.૧૧–૦૪–૨૦૨૩થી મુકિતધામથી કીટ મંજુર થયેલ ભાવથી ખરીદી કરવામાં આવે છે. જે મુકિતધામ ઓફીસમાંથી આપવામાં આપવામાં આવતી કીટ તથા સ્મશાનગુહમાં જલાઉ લાકડા આપવામાં આવે તે ખરીદી કરવાની છેલ્લી તારીખ.૩૧–૦૩–૨૦૨૪ છે

જે આવશ્યક સેવા હોય જે ૨૦૨૪–૨૦૨૫ના વર્ષ માટે ખંભાત નગરપાલીકા સંચાલિત સ્મશાનગુહમાં જરૂરી માલ સામાનની ખરીદી કરવાની કાર્યવાહી કરેલ તેમાં એક પણ એજન્સીએ ટેન્ડર લઈ ગયેલ ન હોવાથી સદર કાર્યવાહી ફરીવાર ન થાય ત્યા સુધી સન્.૨૦૨૩–૨૦૨૪ના વર્ષનાં ટેન્ડરની શરતોમાં અં.નં.૭માં મુદત વધારવા જણાવેલ જે લોકસભાની સામાન્ય ચુટણી–૨૦૨૪ની આચાર સહિતા અન્વયે ટેન્ડર પ્રકિંયા ન થયેલ તે અન્વયે ચીફ ઓફીસર ઠરાવ નંબર.૮૩૨/તારીખ.૩૦–૦૩–૨૪ સન્. ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં મંજુર થયેલ ભાવથી જે તારીખ.૦૧–૦૪–૨૪ થી તારીખ. ૩૦–૦૬–૨૪ સુધી સદર આવશ્યક સેવા હોય જે તે એજન્સી પાસેથી જુના ભાવથી ખરીદી કરેલ તે મંજુર કરવામાં આવે છે. તથા સન્ ૨૦૨૪–૨૦૨૫ના વર્ષનાં નવા ભાવ મંજુર ન થાય ત્યા સુધી ખંભાત નગરપાલીકા સંચાલિત સ્મશાનગુહમાં જરૂરી માલ સામાનની ખરીદી કરવાની કાર્યવાહી સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના મંજુર થયેલ ભાવથી ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.તથા તે કરેલ કામગીરીમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫ ડી તળે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા